# ચિત્રા ચતુર્વેદી કૃત 'મહાભારતી'માં અલેખાયેલ દ્રૌપદીના કૌટુંબિક-સામાજિક સંબંધો અને શ્રીકૃષ્ણ સખાભાવ

ડૉ. હિના મિસ્ત્રી

## ૧. પ્રાસ્તાવિક

ભારતીય ઇતિહાસમાં અનેક તેજસ્વી નારીઓ થઇ ગઇ. પરંતુ દ્રૌપદી જેવા પ્રતિભાશાળી પાત્રની સામે અન્ય તમામ પાત્રોનું તેજ ફિક્કું પડી જાય છે. દ્રુપદનંદિનીની પીડા સામે જનકનંદિની સીતાનું દુ:ખ પણ ઓછું પ્રતીત થાય છે. દ્રૌપદી તેના પાંચેય પતિઓની સમકક્ષ અથવા એથી વધુ ઉપર છે; એનાથી નિમ્ન ક્યારેય નહિ. એની વિશેષતા અને એના દુર્લભ ગુણોને માત્ર શ્રીકૃષ્ણ સુપેરે સમજી શક્યા હતા. તેથી જ તો તેમણે સમસ્ત નારીજાત છોડીને માત્ર દ્રૌપદીને પોતાની સખી બનાવી પોતાની સમકક્ષ બનાવી. દ્રૌપદીના જીવનમાં અનેક સંકટો આવ્યાં; અનેક દુ:ખ, અપમાન, પીડા એણે ભોગવ્યા. પાંચ પતિઓની પત્ની બનવાનુ તેના ભાગ્યમાં આવ્યું. આ કારણે વારંવાર એણે અનેક અપશબ્દો સાંભળવા પડ્યા; અપમાન સહન કરવું પડ્યુ. આ એના જીવનની મૂળ વ્યથા છે. માત્ર એના જ માટે વિચિત્ર નિયમો બનાવવામાં આવ્યા! અભૂતપૂર્વ (વિચિત્ર) દામ્પત્ય એણે નિભાવવું પડ્યું. તમામ પ્રકારના અત્યાચાર, અન્યાય, અપમાન તેણે સહ્યાં. છતાં, તે ન તૂટી, ન ઝૂકી. એનું આત્મબળ અતૂટ હતું. અપૂર્વ રૂપસૌંદર્યની સાથે બુદ્દિસંપદાથી સંપન્ન, પંડિતા નારી એટલે મહાભારતની દ્રૌપદી. આ તેજોમય નારીને મહાભારતી તરીકે ઓળખાવી તેની વ્યથા આલેખવાનો સંનિષ્ઠ પ્રયાસ લેખિકા શ્રી ચિત્રા ચતુર્વેદીએ કર્યો છે. શ્રી વિષ્ણુકાંત શાસ્ત્રીના મતાનુસાર: "द्रौपदी को महाभारती कहना अपने में एक विशिष्ट उपलब्धि है"[૧] પુરુષપ્રધાન સમાજમાં 'વસ્તુ' બનાવીને અપમાનિત કરવામાં આવેલ એ તેજસ્વી નારીની વ્યથા કથા એટલે **શ્રી ચિત્રા ચતુર્વેદી કૃત હિન્દી નવલકથા: 'મહાભારતી'.**

## ૨. લેખિકા પરિચય

આગ્રાના હોરીપુરા ગામમાં, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૩૯ના રોજ જન્મેલા શ્રી ચિત્રા ચતુર્વેદીએ પ્રાથમિક શિક્ષણ વિભિન્ન સ્થળોએ લીધું હતું. અલાહાબાદ વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ. અને ડી.ફિલ. કર્યા બાદ શાસકીય મહાવિદ્યાલય, જબલપુરમાં રાજનીતિશાસ્ત્રના પ્રાધ્યાપિકા તરીકે સેવા આપવી શરૂ કરી. આ જ સંસ્થામાં વિભાગ અધ્યક્ષ બન્યા બાદ તેઓ ૨૦૦૧થી સેવાનિવૃત્ત થયાં.

સાહિત્યનો શોખ તેમને એમના પિતાશ્રી ન્યાયમૂર્તિ બ્રજકિશોર ચતુર્વેદી પાસેથી વારસામાં મળ્યો છે. તેમની અન્ય પ્રકાશિત કૃતિઓમાં 'તનયા', 'વૈજયન્તિ', 'અંબા નહિ, મૈં ભીષ્મા!' અને ન્યાયાધીશ જેવી નવલકથાઓ, 'પૃથાપર્વ' મહાકાવ્ય, 'વૈદેહી કે રામ' ખંડકાવ્ય તથા 'અટપટે બૈન' જેવા વ્યંગ સંગ્રહનો સમાવેશ થાય છે. 'મહાભારતી' નવલકથા માટે તેમને ૧૯૮૯ માં ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન દ્વારા અને ૧૯૯૩માં મધ્ય પ્રદેશ સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ૩. નવલકથા પરિચય

ભારતીય સંસ્કૃતિના અને ભારતીય સાહિત્યના આદર્શલક્ષી મહાકાવ્ય 'મહાભારત'નું વિશિષ્ટ નારી પાત્ર એટલે દ્રૌપદી. શ્રી ચિત્રા ચતુર્વેદીએ આ મહાન નારી ચરિત્રને કેન્દ્રમાં રાખીને **'મહાભારતી'** નવલકથાનું સર્જન કર્યું છે. આ ચરિત્ર વિશે પૂર્વભૂમિકા રૂપે જ તે કહી દે છે કે, 'लघु मति मोरी चरित अवगाहा – मर्यादा-पुरुषोत्तम श्रीराम के अथाह चरित्र हेतु ये शब्द कहे गये थे, किन्तु द्रौपदी का चरित्र भी बड़ा रहस्यमय एवं वर्णनातीत प्रतीत हुआ है। किसी भी

साधारण बुद्धि-विवेक वाले दुर्बल व्यक्ति को ऐसा ही लगेगा। त्रेतायुग के मर्यादा-पुरुषोत्तम श्रीराम तथा द्वापर के लीला पुरुषोत्तम श्रीकृष्ण पर तो सन्त ही अपनी लेखनी उठाएँ तो आकार दे सकते हैं। किन्तु द्वापर की इस अदभुत लीला-नारीको ही आकार देने का सामर्थ्य जुटा पाना कितना कठिन रहा है मेरे लिए!'[02] 'મહાભારતી' નવલકથામાં લેખિકા દ્રૌપદીના સંઘર્ષભર્યાં જીવનનું આલેખન કરે છે. દ્રૌપદીને મહાભારતી તરીકે ઓળખાવે છે. 'ભારતી' એ છે કે જે વિદ્યા – બુદ્ધિ અને સંવેદનાની સ્વામિની હોય. 'મહાભારતી' નવલકથા એ મહાભારતનું સંક્ષિપ્ત રૂપ જ છે. કારણ કે મહાભારતની લગભગ દરેક મહત્ત્વની ઘટના તથા પાત્રો અહીં જોવા મળે છે. પ્રસ્તુત નવલકથા અને એમાં આલેખાયેલું દ્રૌપદીનું પાત્ર બે ખંડમાં વહેંચાયેલું છેઃ પહેલા ખંડમાં પાર્થપ્રિયાનું આલેખન છે. બીજા ખંડમાં કૃષ્ણક્રિયાનુ આલેખન છે. પ્રથમ ખંડમાં અલ્પવયસ્ક, બાલવધૂનું આંદોલિત ચિત્ત આલેખાયું છે. બીજા ખંડમાં એક ધીર-ગંભીર મહિલા તરીકે કૃષ્ણની સખીના રૂપમાં એનું આલેખન થયું છે. એનું આત્મબળ અને એની તેજસ્વિતા એને મહાભારતી તરીકે ઠેરવે છે. એ દયાપાત્ર નથી, પણ એની તેજસ્વિતા આદરપાત્ર છે. કથાનો મૂળ આધાર 'મહાભારત' જ છે. છતાં અન્ય ઉત્કૃષ્ટ સાહિત્યગ્રંથોનો એના પરનો પ્રભાવ નિ:સંદેહ જોવા મળે જ છે. નવલકથાની મુખ્ય ઘટનાઓ મહાભારતમાંથી લેવામાં આવી છે; પરંતુ કેટલીક ઘટનાઓ વિશુદ્ધ કલ્પના પર આધારિત છે. અન્ય વિભિન્ન પાત્રોના ચરિત્ર-ચિત્રણનો આધાર પણ મહાભારત જ છે. પરંતુ એમનો પાત્રોચિત અને નવલકથોચિત વિકાસ લેખિકાએ પોતાની વિશેષ કલમે, કલ્પનાના રંગો ઉમેરીને કર્યો છે.

## ૪. કૌટુંબિક સંબંધો – સામાજિક સંબંધો

'મહાભારતી' નવલકથામાં લેખિકા શ્રી ચિત્રા ચતુર્વેદીએ દ્રૌપદીના પુત્રી, બહેન, પ્રેયસી, સખી, પત્ની, પુત્રવધૂ, માતા, સાસુ, અને દાદી તથા મહારાણી તરીકેના રૂપને આલેખ્યું છે. યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થઇ હોવા છતાં યાજ્ઞસેની, પાંચાલ નરેશ દ્રુપદની પુત્રી દ્રૌપદી તરીકે જ ઓળખાય છે. દ્રુપદને પોતાની આ પુત્રી અતિશય વહાલી છે. મનોમન અર્જુનને પ્રેમ કરતી પોતાની પુત્રીનું મન દ્રુપદ જાણે છે. આથી જ, જે દ્રોણને તે પોતાનો મોટો શત્રુ માને છે, એ દ્રોણના પ્રિય શિષ્ય અર્જુનને પોતાનો જમાઇ બનાવવા માટે તે દ્રોણ દ્વારા અપમાનિત થયા બાદ પણ એમની સામે મૈત્રીનો હાથ લંબાવે છે. દ્રૌપદીના સ્વયંવરમાં માત્ર અર્જુન જ જીતી શકે એવી લક્ષ્યવેધની પરીક્ષા રાખે છે. પોતાની પુત્રીના સુખ-દુ:ખ માટે તે સદા સજાગ રહે છે. તો દ્રૌપદીને પણ તેના પિતા માટે એટલો જ પ્રેમ અને આદર છે. જે અર્જુનને તે પ્રેમ કરે છે, એ જ અર્જુન જ્યારે પાંચાલ પર ચડાઇ કરે છે ત્યારે તે અત્યંત વિહ્વળ થઇ જાય છે. અર્જુન દ્વારા બંદી બનાવીને લઇ જવાયેલા પિતા મુક્ત થાય છે ત્યારે જ તે નિરાંતનો શ્વાસ લઇ શકે છે. વીર ધૃષ્ટદ્યુમ્નની બહેન તરીકેના દ્રૌપદીના સ્વરૂપનું વિશેષ ઊંડું આલેખન નથી થયું. નવલકથામાં વારંવાર પોતાને ધૃષ્ટદ્યુમ્નની બહેન તરીકે તે ઓળખાવે છે; પરંતુ એમના ભાઇ-બહેનનાં સંબંધને તાદૃશ કરતો કોઇ પ્રસંગ નવલકથામાં આલેખાયો નથી. પ્રેયસી અને પત્ની તરીકે દ્રૌપદીનું રૂપ પૂર્ણપણે આલેખાયું છે. તો કૃષ્ણ જેવા અલૌકિક પુરુષની સખી દ્રૌપદી સમગ્ર નવલકથામાં જુદી જ તરી આવે છે.

દ્રૌપદી અર્જુનની પ્રેયસી છે. અર્જુન સાથેના એક એક પ્રસંગમાં તેનું પ્રિયતમા રૂપ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. હૃદયના ઊંડાણથી તે એક જ પુરુષને ચાહે છે, જે અર્જુન છે. અર્જુન સાથેના પ્રથમ દૃષ્ટિ-વિનિમયમાં જ તેને અર્જુન સાથે પ્રેમ થઇ જાય છે. સ્વયંવર પહેલાં લાક્ષાગૃહમાં માતા અને ભાઇઓ સહિત અર્જુન બળી મર્યાની દુ;ખદ ઘટનાના સમાચાર જાણીને તે અન્ન અને નિદ્રાનો ત્યાગ કરી દે છે. સ્વયંવરમાં બ્રાહ્મણવેશે આવેલા અર્જુનને તે બરાબર ઓળખી કાઢે છે. અર્જુનના કહેવાથી જ તે પાંચ પતિને વરે છે. અર્જુનના પ્રેમથી પરિતૃપ્ત હોય ત્યારે તે પ્રસન્ન રહે છે અને પોતાના અન્ય પતિઓ તરફ પણ ધ્યાન આપી શકે છે. દાંપત્યજીવનના નિયમના ઉલ્લંઘનની સજારૂપે બાર વર્ષ બ્રહ્મચર્ય માટે ગયેલ અર્જુનની અનુપસ્થિતિમાં પણ પોતાના નિત્યક્રમને જાળવી રાખીને તે રોજ એક હાર બનાવી અર્જુનના કાષ્ઠચિત્ર પર ચડાવતી રહે છે. વનવાસમાં પણ જ્યારે અર્જુન દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ માટે જાય છે ત્યારે કઠોર હૃદયે તેને વિદાય આપે છે. શુભ હેતુ માટે જતા અર્જુનને તે પોતાના અશ્રુઓથી વિચલિત નથી કરતી. પરંતુ અર્જુન જતાં જ તેનું આત્મબળ, શક્તિ અને પ્રેરણા અડધા થઇ જાય છે. અર્જુનના વિરહમાં ઝૂરતી દ્રૌપદી વેદનાસિક્ત સ્વરમાં ગીત ગાય છે. વીર, શૌર્યવાન પતિ અને પ્રિયતમ અર્જુનનો બૃહન્નલા વેશ તેને માટે અસહ્ય છે. શૂરવીર અર્જુનના કોમળ અને ભાવુક હૃદયને તે સારી રીતે

ઓળખે છે એટલે જ મહાયુદ્ધની સવારે તે અર્જુન માટે વિશેષ ચિંતિત રહે છે. અર્જુનના દુ:ખ આગળ તે સ્વયંનું દુ:ખ ભૂલી જાય છે. સમસ્ત જગત સામે સિંહણ બનીને ફરતી દ્રૌપદી પ્રિયતમ અર્જુનની સામે આવતાં જ ગભરુ હરણી બની જાય છે. અર્જુનને પણ પ્રથમ દૃષ્ટિથી જ દ્રૌપદી માટે અનન્ય પ્રેમ છે. દ્રૌપદીના અંતિમ શ્વાસ સુધી તે પ્રેમ નિભાવે છે. દ્રૌપદીના ભાગ્યની વિચિત્રતા એ છે કે એના પ્રિયતમ અર્જુન સાથે એ જીવનનો ઓછામાં ઓછો સમય ગાળી શકે છે. એક કે બીજા કારણે તેણે અર્જુનનો વિરહ જ સહેવો પડે છે.

દ્રૌપદી આદર્શ પત્ની છે. પાંચ પાંચ પતિઓ હોવા છતાં તેમના પ્રત્યેની પોતાની સેવા કે કર્તવ્યપરાયણતામાં ક્યાંય પાછી પડતી નથી. પાંચેય પાંડવો સાથેના તેના સહજીવનમાં, વિશેષ કરીને વનવાસ દરમ્યાન, તે આદર્શ ભાર્યા તરીકે સામે આવે છે. પોતાના વિલક્ષણ દાંપત્યને કારણે કરેક પતિએ ચાર વર્ષ પોતાને માટે રાહ જોવી પડે છે. એ કપરી પરિસ્થિતિને સમજી શકતી દ્રૌપદી એના પતિઓની અન્ય પત્નીઓ સાથે ખૂબ પ્રેમભર્યો વ્યવહાર રાખે છે. ધર્મરાજની પત્ની દેવિકા, ભીમની પત્ની કાશી રાજપુત્રી બલંધરા, નકુળની પત્ની  કરેણુમતી અને સહદેવની પત્ની વિજયા સૌ પ્રત્યેનો તેનો સૌજન્ય અને પ્રેમપૂર્ણ વ્યવહાર પ્રસિદ્ધ છે. અર્જુનની પત્નીઓ માટે તે પ્રથમ ઈર્ષ્યા ભાવ અનુભવે છે; પરંતુ સુભદ્રાને તો પોતાની સગી નાની બહેનની જેમ સ્નેહપૂર્વક રાખે છે. સપત્નીઓ સાથેના સદભાવપૂર્ણ વ્યવહારમાં તેનું આદર્શ પત્નીત્વ દેખાઇ આવે છે.

ક્ષત્રિયાણી કુંતીની પુત્રવધૂ દ્રૌપદી એવા જ ક્ષાત્રતેજથી ઝળહળે છે. કુંતી અને દ્રૌપદી વચ્ચેનો પ્રેમ માતા અને પુત્રીના પ્રેમ જેવો છે. બંને એકમેકની વ્યથા અને મૂંઝવણને સારી રીતે સમજે છે. પુત્રવધૂ તરીકે દ્રૌપદી આજ્ઞાંકિત છે. સાસુની આજ્ઞાથી પાંચ પતિઓને વરેલી દ્રૌપદી સાસુની સૂચના અનુસાર પાંચેય પતિઓની સમાન ભાવે સેવા કરે છે. વનવાસમાં પણ એકલી બેઠી બેઠી તે વૃદ્ધા સાસુને યાદ કરી રડે છે. યુદ્ધ પૂર્વે સંધિ માટે હસ્તિનાપુર જઈ કુંતીને મળીને પાછા આવેલા કૃષ્ણને તે પૂછે છે કે માતા કુંતીએ મારા માટે કંઈ સંદેશ મોકલ્યો કે નહિ? દ્રૌપદી પ્રેમાળ સાસુની લાડકી પુત્રવધૂ છે. બંનેને પરસ્પર ખૂબ પ્રેમ છે.

દ્રૌપદી પાંચ પરાક્રમી પુત્રોની માતા છે. દુર્ભાગ્યવશ નાની વયના પુત્રોને છોડીને તેણે પતિઓ સાથે વનગમન કરવું પડે છે. વનમાં પોતાની ગાય અને એના તાજા જન્મેલા વાછરડાને જોઈને તે પોતાના બાળકોને યાદ કરે છે. બાળકો વતીનું વ્હાલ એ વાછરડા પર ન્યોચ્છાવર કરે છે. ક્યારેક એકલી બેઠી બેઠી આંગળીના વેઢા પર વર્ષો ગણીને પોતાના બાળકો કેટલા મોટા થયા હશે તેની ગણતરી માંડે છે, અને તેમના ચહેરાઓ કલ્પે છે. એની આ પ્રક્રિયામાં તેની માતૃવેદના છલકાય છે. અભિમન્યુ પણ તેને પોતાના પુત્રો જેટલો જ પ્રિય છે. એના મૃત્યુથી તે ભયંકર આઘાત અનુભવે છે. યુદ્ધની સમાપ્તિ બાદ, વિજયની વહેલી સવારે તે તમામ પુત્રોને એકસાથે ગુમાવે છે. અશ્વત્થામા દ્વારા પોતાના પાંચ પુત્રોના મૃત્યુના સમાચાર સાંભળીને તે દારૂણ વિલાપ કરે છે. અશ્વમેધ યજ્ઞ વખતે અર્જુન – ચિત્રાંગદાના પુત્ર બભ્રુવાહનને ખોળામાં લઈ એના પર પોતાના વાત્સલ્યનો ધોધ વહાવતી દ્રૌપદીને જાણે કે એનાં પાંચેય પુત્રો પાછા મળી ગયા હોય એમ લાગે છે. પ્રસ્તુત નવલકથામાં એક પિતામહી – દાદી તરીકેના દ્રૌપદીના સૌમ્ય સ્વરૂપને પણ દર્શાવવામાં આવ્યું છે. અભિમન્યુ-ઉત્તરાના એકમાત્ર પુત્ર પરીક્ષિતને પોતાની દાદી મહિમામયી લાગે છે; કારતક પૂનમે તુલસીના ચોરે મૂકાતી, ઝીણો –સૌમ્ય પ્રકાશ વેરતી દીપશિખા જેવી લાગે છે. દાદી દ્રૌપદીના ગળે વળગતા પરીક્ષિતને એવું લાગે છે કે એના સ્વર્ગીય પિતા પણ આ દાદી જેવા જ ગૌરવશાળી હશે.

દ્રૌપદીને જીવનમાં બે વાર મહારાણી પદ શોભાવવાનું આવે છે: પ્રથમ ઈન્દ્રપ્રસ્થની મહારાણી તરીકે અને મહાયુદ્ધ બાદ હસ્તિનાપુરની મહારાણી તરીકે. તે રાજનીતિની કુશળ જાણકાર હોવાથી રાજ્યસંચાલન કરવામાં પોતાના પતિઓને ખૂબ સારી રીતે મદદ કરી શકે છે. નવલકથાના 'મહારાજ્ઞી પર્વ' નામના પ્રકરણમાં ઈન્દ્રપ્રસ્થની મહારાણી તરીકે દ્રૌપદીના વ્યસ્ત જીવનનું આલેખન છે. રાજ્યવ્યવસ્થાની પૂરી જવાબદારી તે નિભાવે છે. મંત્રીઓ, સચિવો અને અધિકારીઓ

પાસે રાજ્યનો અહેવાલ મેળવે છે. બ્રાહ્મણોને દાન-દક્ષિણા તથા ગાયો આપવી, દરિદ્રોને અનાજ અને સુવર્ણ આપવું, ભંડારગૃહની સ્થિતિનો ખ્યાલ રાખવો, રાજ્યમાં લાગુ પડેલ વિશિષ્ટ રોગ વિશે જાણીને તેના નિવારણના પ્રયત્નો કરવા, ઈન્દ્રપ્રસ્થમાં દૂર દેશથી આવનાર વસ્તુઓની ગણના કરી તેની યોગ્ય વ્યવસ્થા કરવી, અતિથિઓનું સ્વાગત અને તેમની રહેવાની અને મનોરંજનની વ્યવસ્થા કરવી – આ તમામ કાર્યો દ્રૌપદી સંભાળે છે. સાચા અર્થમાં એ કાર્યેષુ મંત્રી છે. પોતાના મહેલના પાછળના ભાગમાં કામ કરતી સામાન્ય દાસીને પણ તે નામથી ઓળખે છે. પ્રજાજનોના સુખ-દુ:ખનો ખ્યાલ રાખનારી, તેમનું દુ:ખ દૂર કરવાનો પ્રયત્ન કરનારી પ્રજાવત્સલ મહારાણીને પ્રજા આશીર્વાદ અને શુભેચ્છાઓ આપે છે.

**૫. શ્રીકૃષ્ણ સખાભાવ**

વસુદેવનંદન શ્રીકૃષ્ણ દ્રૌપદીના અનન્ય સખા છે. પોતાનાથી ઉંમરમાં મોટા શ્રીકૃષ્ણ પ્રત્યે તેને આદર છે. પહેલી જ મુલાકાતમાં તેમના માટે અનુભવેલી આત્મીયતાને કારણે દ્રૌપદીને તે સખા જેવા પ્રિય છે. દ્યૂતસભામાં પોતાના શીલનું રક્ષણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ માટે તેને અપાર શ્રદ્ધા અને ભક્તિ છે.

સ્વયંવરબાદ, કુંભકારગૃહમાં પાંડવોને મળવા આવેલા કૃષ્ણને તે પોતાના પતિના મામાના પુત્રના સ્વરૂપે મળે છે. પરંતુ એમની દૃષ્ટિમાત્રથી દ્રૌપદી આત્મીયતા અને સ્નેહ અનુભવે છે. પાછા વળતાં કૃષ્ણની આંગળી દ્વારની વચ્ચે ભિડાઇ જતાં શરૂ થઇ ગયેલા રક્તસ્રાવને અટકાવવા દ્રૌપદી પોતાની માંગલિક સાડી ફાડીને એમના ઘા પર પાટો બાંધે છે. આથી, પોતાની પીડા ભૂલીને કૃષ્ણની પીડા દૂર કરવા આવેલી દ્રૌપદીને કૃષ્ણ પોતાની સખી બનાવે છે અને જીવનના દરેક તબક્કે તેનું રક્ષણ કરવાનું વચન આપે છે; જે વચન કૃષ્ણ આજીવન નિભાવે પણ છે. દ્યૂતસભામાં કૌરવો દ્વારા પીડા પામી રહેલી દ્રૌપદી જ્યારે સંપૂર્ણપણે કૃષ્ણની શરણાગતિ સ્વીકારી તેમને પોકારે છે ત્યારે કૃષ્ણ પોતાની યોગશક્તિ દ્વારા તેના શીલનું રક્ષણ કરે છે. આથી, પોતાના શીલરક્ષક કૃષ્ણ માટે દ્રૌપદીને ખૂબ આદર છે. તે સત્યભામાને કહે છે, "એ જ એકમાત્ર પુરુષ છે, જેમણે ભરસભામાં અખૂટ વસ્ત્રો દ્વારા મારી લાજ બચાવી હતી. હું તો એમની ઋણી છું. એ મહાપુરુષની સેવા માટે, એમના આનંદ માટે, એમની પ્રસન્નતા માટે, મારાથી જે કંઇ થાય તે અવશ્ય કરીશ. **એ તો પ્રેમ-તરસ્યા છે. અને ભાવભૂખ્યા છે**...એ નિશંકપણે મારા મોટાભાઇ સમાન છે. એમના આશીર્વાદથી જ હું વિભિન્ન આઘાતો સહી શકું છું. પરંતુ આ જ કારણે **જો મારો એમના માટેનો પ્રેમ લગભગ શ્રદ્ધા અને ભક્તિની સીમાએ પહોંચી જાય તો એમાં આશ્ચર્ય કેવું?**"[૩]

કૃષ્ણ અને કૃષ્ણામાં અનોખું સામ્ય છે. દ્રૌપદી નારી હતી, પરંતુ પૌરુષની અનન્ય ઉપાસિકા, શૌર્યની પૂજારણ. ક્ષત્રિય-પત્ની, ક્ષત્રિય-પુત્રી અને ક્ષત્રિય માતા હતી. કૃષ્ણ અને કૃષ્ણામાં આ જ સામ્ય હતું. પરસ્પર સખાભાવ હતો. જે પૌરુષ પાંડવોમાં નહોતું, એ શ્રીકૃષ્ણમાં હતું; અને જે પૌરુષ પુરુષોમાં નહોતું એ પાંચાલીમાં હતું. શ્રીકૃષ્ણ અને કૃષ્ણા બંનેનું વૈચારિક સ્તર એકસરખું હતું. બંનેના ચરિત્ર ગુણો એકસરખા હતા. બંનેના સ્વભાવ-ગુણ સમાન હતા. બૌદ્ધિક સ્તર પર બંને એકમેકના અનન્ય પ્રશંસક હતા. એ બંનેના બૌદ્ધિક સ્તરની ઊંચાઇ સુધી પહોંચવાની તાકાત કોઇનામાં નથી. શ્રીકૃષ્ણ અને યાજ્ઞસેની કૃષ્ણા – એકબીજાનું મન સમજતા અને સાચવતા હતા. એકબીજાની પીડા તેઓ સમજતા હતા. દ્રૌપદી પોતાની પીડા કૃષ્ણ આગળ જ વ્યક્ત કરી શકે છે. યુદ્ધ સમયે સંધિ ઈચ્છતા પાંડવોની વાત માની સંધિ માટે હસ્તિનાપુર જતાં કૃષ્ણને તે કહે છે, "આ વાળને ન ભૂલશો કેશવ! રાજસૂય યજ્ઞના પવિત્ર પ્રસંગે એ મંત્રજળથી અભિષિક્ત થયા હતા, અને દુરાચારી દુ:શાસનના સ્પર્શથી દૂષિત પણ થયા હતા! એ યાદ રાખજો ગોવિંદ, વીતેલાં તેર વર્ષોથી મેં વેણી નથી ગૂંથી. એને ભૂલતા નહિ, માધવ! અને એ પણ નહિ ભૂલશો કે સંધિ થયા બાદ પણ આ વાળની વેણી નહિ બંધાય, માધવ! પાંચ ગામ મળી જાય તોય મારા આ કેશ ખુલ્લા જ રહેશે. શાંતિ અને સંધિ થયા બાદ પણ અથાહ પીડાનો સાગર મારા મનમાં હિલ્લોળાતો રહેશે, ડહોળાતો રહેશે. અત્યારની જેમ જ કષ્ટ અને અપમાનની યાતના મને બાળતી રહેશે. પાંચ ગામ પ્રાપ્ત કરીને શું હું મારા અપમાનની યાતનાથી મુક્ત થઇ શકીશ?...ક્યાં સુધી આ

દારૂણ જ્વાળાને મારું હૃદય બાળવા દઉં? હૃદય ફાટી નથી ગયું એ શું ઓછું છે? હવે મારો સંયમ, મારી ધીરજ તૂટી રહ્યાં છે, ગોવિંદ! હવે અજેય આર્યપુત્ર ભીમસેન સંધિ પર ઊતરી આવ્યા છે. સંધિને હું અવનતિ કહીશ, કારણકે ક્ષત્રિયોની ઉન્નતિ યુદ્ધથી થાય છે અને સંધિ અધોગામી છે. આર્ય ભીમસેન પોતાના શ્રેષ્ઠ ક્ષત્રિય સ્તરથી નીચે ઊતરી ગયા છે. સંધિ સંબંધી એમના કોમળ શબ્દો હજીયે ખૂંચી રહ્યા છે. એમની વિહ્વળ, મોહપૂર્ણ વાણી તીક્ષ્ણ બાણોની જેમ મારા હૃદયને વીંધી રહી છે. હવે નહિ, માધવ, હવે નહિ. જ્યાં સુધી એ નીચ, દુરાચારી દુ:શાસનની કપાયેલી કાળી ભુજાને ધૂળમાં રગદોળાયેલી ન જોઉં, મને શાંતિ નહિ મળે. રઘુકુલશિરોમણિ શ્રીરામે તો પત્નીનું અપહરણ કરનાર દશાનનની વીસેય ભુજાઓને ધૂળમાં રગદોળી નાખી હતી. હું તો માત્ર એક જ ભુજાને ભૂમિ પર પડેલી જોવા ઈચ્છું છું, જેણે વેણીસંહાર કર્યો હતો, ચીરહરણ કરવાનો અધમ પ્રયાસ કર્યો હતો."[૪]

બંને વચ્ચે અદભુત સખાભાવ હતો. બંને એક સાથે એકમેકના પ્રશંસક, ભક્ત અને સખા હતા. અશ્વમેધ યજ્ઞ સમયે એકત્ર થયેલી નારીઓ વચ્ચે સત્યભામા કૃષ્ણ અને દ્રૌપદીના સામ્ય વિશે વાત કરતાં દ્રૌપદીને કહે છે, "પાંચાલકુમારી, તારા અને અમારા નટવર-નાગરની વચ્ચે ક્યાંક અદભુત સામ્ય પ્રતીત થાય છે. તમે બંને દરેક રીતે અતિ વિલક્ષણ છો! સામાન્ય નિયમો તમારા માટે વ્યર્થ થઈ જાય છે. તમે બંને કોઈ સામાન્ય નીતિ-નિયમથી બંધાતા નથી. પરંતુ તમે બંને જે કંઈ કરો એ જ નીતિ બની જાય છે. એ જ નિયમ બની જાય છે. એ જો વિધિ-નિર્માતા હોય તો તું વિધાત્રી છે. લોકમતના પ્રવાહની તમે બંને ચિંતા નથી કરતા. પરંતુ તમે જે કંઈ કરો છો એને જ લોકો યોગ્ય ગણે છે. લોકમતને, લોકરુચિને પોતાના પક્ષમાં કઈ રીતે વાળી લો છો? અને હા, તમારા બંનેની ઈચ્છા શક્તિ તો અજેય છે! તમે બંનેએ સમાજમાં કેવું પૂજ્ય અને સર્વપ્રતિષ્ઠિત સ્થાન મેળવી લીધું છે! એ પુરુષશ્રેષ્ઠ તો તું નારીશિરોમણિ! ક્યારેક તો એવું લાગે છે જાણે તું આ વિલક્ષણ કૃષ્ણનું વિલક્ષણ નારીવિગ્રહરૂપ છે."[૫]

દ્રૌપદીના ગુણોથી પ્રભાવિત થઈને જ શ્રીકૃષ્ણ ધર્મની પરિસ્થાપનાના પોતાના જીવન ઉદ્દેશકાર્યમાં તેનો સહકાર માંગે છે. દુષ્ટોનો વિનાશ, સાધુસજ્જનોની દુ:ખમુક્તિ અને પૃથ્વી પર નૈતિક મૂલ્યો તથા ધર્મની પરિસ્થાપનાના મહાન કાર્યમાં દ્રૌપદીને સહયોગી બનાવે છે. તે દ્રૌપદીને કહે છે, "ભારતી, દરેક વ્યક્તિના સ્વભાવ, ચરિત્ર - ગુણને અનુરૂપ એનું પોતાનું નિર્દિષ્ટ કર્મ હોય છે. ભક્તિની જવાબદારી રાધિકાએ જે પરિપૂર્ણતાથી નિભાવી છે, એનાથી હું ચકિત છું, આ અનુપમ દૃષ્ટાંત અનુપમ અને અદ્દ્વિતીય છે. પરંતુ હવે મને દ્રૌપદી જોઈએ છે, જે જગતને શક્તિનો સંદેશ આપી શકે. જે ધર્મના અનુયાયી હોવા છતાં દુર્બળ છે, જે સક્ષમ હોવા છતાં અકર્મણ્ય છે, એવા દિશાશૂન્ય ભ્રમિત વ્યક્તિઓમાં શક્તિનો સંચાર કરવા માટે મને દ્રૌપદીની આવશ્યકતા છે. જે ધર્મરત હોવા છતાં કર્મરત નથી – એમને શક્તિનો સંદેશ, તેજનો સંદેશ, કર્તવ્યનો સંદેશ આપવાની જવાબદારી તને સોંપવા ઈચ્છું છું. તારી અંદર એ પ્રખરતા, બુદ્દ્ધિમત્તા, સાહસ, શૌર્ય અને વિલક્ષણ તેજ છે જે સમગ્ર વિશ્વને પ્રજ્વલિત કરી શકે....બોલ કૃષ્ણા, મારી સાથે ધર્મસ્થાપનાનું પુણ્યકાર્ય કરી શકીશ?...અને ભારતી, તું અબળા નથી, તને સબળા બનાવીને સૌ સામે પ્રસ્તુત કરીશ. તારી અંદર શક્તિનો સ્રોત છે. દ્વાપરયુગની સર્વાધિક શક્તિશાળી મહિમામયી નારી તરીકે તને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીશ."[૬]

શ્રીકૃષ્ણની અનન્ય સખી દ્રૌપદી તેમના ભગવદ્ સ્વરૂપને ખૂબ મોડેથી સમજે છે. મહાયુદ્ધ સમયે વિષાદગ્રસ્ત થયેલા અર્જુનને શ્રીકૃષ્ણે આપેલા 'ગીતાજ્ઞાન' વિશે ગુપ્તચર સુમુખ દ્વારા સાંભળીને તે એને કહે છે, "વાસુદેવ મહાયોગી છે, સુમુખ, વસુદેવનંદન દેવ છે! બધા કે છે કે એ ભગવાનનો અવતાર છે. ઘણાં લોકો એમને અવતાર નથી માનતા અને એમની સાથે સ્પર્ધાની ભાવના રાખી ઈર્ષ્યા કરે છે. હું એમની અનન્ય સખી છું, પરંતુ શરૂઆતમાં એમના અવતાર હોવા વિશે હું શંકા કરતી હતી; જડબુદ્દ્ધિ છું ને! કોઈ વાતને તાત્કાલિક સ્વીકારી નથી શકતી. દ્વારકામાં બેઠા બેઠા જેમણે મારા ચીર પૂર્યાં હતા, એ જો ભગવદ્ અવતાર ન હોય તો કોણ હોય? તેઓ પોતાની યોગશક્તિથી એક સ્થાને બેસી રહીને દૂરની ઘટનાને જોઈ લે છે! જે અંતર્યામી પળવારમાં બધાના મનની વાત જાણી લે છે! એમને હું મૂઢબુદ્દ્ધિ, ભગવાન

તરીકે સ્વીકારતી નહોતી. જે સુદૂર ભવિષ્યને જાણે છે, જે ત્રિકાલદર્શી છે, એ જ્ઞાનપુંજ યોગયોગેશ્વરના ભગવાન હોવા પર હું કેમ શંકાશીલ રહી? કેટલું જ્ઞાન ભર્યું છે, કેટલી શક્તિ ભરી છે! કેટલું વિશાળ અને વિરાટ છે એમનું મન! કેટલું મહાન વ્યક્તિત્વ! ક્યાંય ક્ષુદ્રતા નહિ! એ શું મારા તારા જેવા છે? એ અસાધારણ છે. એ શું માનવ છે? નહિ! નહિ! આવું વ્યક્તિત્વ ધારણ કરીને ભગવાન જ પૃથ્વી પર અવતરિત થાય છે, મનુષ્ય નહિ."[૭]

**૬. ઉપસંહાર**

મહિમામય રાજમહિષી યાજ્ઞસેનીના અક્ષુણ્ણ સાહસ, ઔદાર્ય, સહનશક્તિ, શૌર્ય, ઓજ અને તેજસ્વિતાથી કોણ પ્રભાવિત ન થયું હોય? કોણ એની સામે નતમસ્તક ન થયું હોય? એના પતિઓ સ્વયં એનાથી આશ્ચર્યચકિત હતા. લીલામય કૃષ્ણ પણ એના પર મુગ્ધ હતા. એટલું જ નહિ, જે શત્રુઓએ એને તોડવાના પ્રયત્નો કર્યા હતા તેઓ પણ એનાથી આશ્ચર્યચકિત હતા. એનાં કષ્ટો, પીડા, અપમાન અને ત્યાગ અભૂતપૂર્વ હતા. અનેક વ્યક્તિઓ માટે એ પ્રેરણાસ્રોત હતી. એ સ્વયં ધર્મનું અને ન્યાયનું પ્રતીક બની ગઈ હતી. નિરંકુશતા, અન્યાય, દુરાચાર, અધર્મ અને અનૈતિકતા વિરુદ્ધ એ લોખંડી સ્ત્રીએ વિદ્રોહની ઘોષણા કરી હતી.

અન્યાય અને અધર્મથી ભરેલ ભારત ભૂમિ પર એનો જ એકાકી અને સ્વતંત્ર નાદ ગૂંજ્યો હતો – ન્યાયની માંગણી માટે. એ સ્વર એકાકી હતો, પણ નિર્બળ નહિ. સુદૃઢ હતો, ઓજપૂર્ણ હતો, સશક્ત હતો – કારણ કે એ ક્રાંતિનો સ્વર હતો, વિદ્રોહનો સ્વર હતો. નિરંકુશ સમ્રાટો, અન્યાય,અનૈતિકતા, દુરાચાર અને દ્યૂતલાલસા વિરુદ્ધ એ વિદ્રોહનું પ્રતીક બની ગઈ હતી. સત્તાલોલુપો સામે પડકાર બનીને એ જ્વાળાની જેમ ભભૂકી હતી.

**સંદર્ભ સૂચિ**


૧. चतुर्वेदी चित्रा 'कार्तिका':'महाभारती', भारतीय ज्ञानपीठ, नयी दिल्ली, पुनर्नवा संस्करण: २००३ मुखपृष्ठ.

૨. चतुर्वेदी चित्रा 'कार्तिका':'महाभारती', भारतीय ज्ञानपीठ, नयी दिल्ली, पुनर्नवा संस्करण: २००३ पृ: ७.

૩. એજન: પૃ: ૨૮૩.

૪. એજન: પૃ: ૧૯૬-૧૯૭.

૫. એજન: પૃ: ૨૮૧.

૬. એજન: પૃ: ૭૯.

૭. એજન: પૃ: ૨૨૯.